# માં

એટલે જ કહું છું માં કે તું જ  મારા માટે તો વિધાતા  છે....

ભગવાન તમે તો મને કેવળ બે આંખો આપી છે ,
પણ માં તમે તો મને આ દુનિયા ને જોવાની દૃષ્ટિ આપી છે
એટલે જ તો કહું છું....

હું તો સ્વાર્થી માનવી બસ મારા દુઃખે દુખી અને મારા સુખે સુખી થાવ છું,
પણ માં તમે તો મારા દુઃખે દુખી અને મારા સુખે સુખી થાવ છો
એટલે જ તો કહું છું....

દુનિયા નો  સૌથી મોટો જ્ઞાની હોય કે અંક ગણિત નો મહારથી.
પણ માં તમારા પ્રેમ નો હિસાબ તો  કોઈજ ના કરી શકે
એટલે જ તો કહું છું....

કેહવાય છે કે પાપ-પુણ્ય ના કર્મો સ્વર્ગ-નર્ક નું સ્થાન નક્કી કરે છે
પણ મને તો વગર કર્મે તમારા ચરણો માં સ્વર્ગ મળી ગયું છે.
એટલે જ તો કહું છું....

--ભાવના વાસીયા 'ભાવી'